અપીલ અરજી નં.૪ તા.૬–૪–૦૯/૧૦

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકત:–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧, નોંધ નં.૭૯૪ નાનપુરા ખારવાવાડ ખાતે આવેલી જગ્યા પર નવા બાંધકામનું પ્લાન કયારે, કયા અધિકારીએ પાસ કર્યુ? એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? જગ્યાના માલીક તથા આર્કીટેકના નામ સરનામાં તથા ગેરકાયદેસર બાંધકામ કેટલું? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૪–'૦૯ ની અપીલ અરજી નં.૪/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧, નોંધ નં.૭૯૪ નાનપુરા ખારવાવાડ ખાતે આવેલી જગ્યા પર નવા બાંધકામનું પ્લાન કયારે, કયા અધિકારીએ પાસ કર્યુ? એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? જગ્યાના માલીક તથા આર્કીટેકના નામ સરનામાં તથા ગેરકાયદેસર બાંધકામ કેટલું? તેની માહિતી આપવા બાબતે જવાબ ખોટો પાઠવી માથાનો ભાર ઉતારેલ છે સ્થળ ઉપર બે સ્લેપનું બાંધકામ ચાલે છે ,સ્થળ તપાસ કર્યા વગર ખોટો જવાબ આપેલ છે તેવા કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧ તા.૧૭–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને આધાર અને વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આનં.૧૧૩ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા. ૯–૩–૦૯ ની અરજીથી અરજીથી વોર્ડ નં.૧, નોંધ નં.૭૯૪ નાનપુરા ખારવાવાડ ખાતે આવેલી જગ્યા પર નવા બાંધકામનું પ્લાન કયા અધિકારીએ પાસ કર્યુ? એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? જગ્યાના માલીક તથા આર્કીટેકના નામ સરનામાં તથા ગેરકાયદેસર બાંધકામ કેટલું? તેની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૬૭૦ તા.૩૧–૩–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં વોર્ડ નં.૧ નોંધ નં. ૭૯૪ વાળી મિલ્કતમાં કોઈ બાંધકામ નથી એવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતીનો જવાબ ખોટો પાઠવ્યો હોવાનું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં મોકલેલ તેમના તા.૩૦–૩–૦૯ ના નોંધ વિભાગમાં પણ સીટી સર્વે સીટની સંદર્ભમાં ચેક કરતાં નોંધ નં.૭૯૩ ની દક્ષિણે નોંધ નં.૭૯૪ આવેલ હોવાનું જણાવી સદર જગ્યા એલાઉનમેન્ટમાં આવતી હોવાનું તથા સ્થળ પર સદર જગ્યા રસ્તા પર ભળી ગયેલ હોવાનું જણાવેલ છે. આમ ઉપલબ્ધ દફતરી વિગતો અનુસાર માહિતી આપ્યાનું સ્પષ્ટ થાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ખોટી માહિતી અંગે આધાર રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નહોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ, સાગર હોટલની પાસે, ચોક બજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.